## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

હરખ ભરીને
ચકલી ગીતો ગાતી,
ડૂંડૂં બહેરું
ગીત સાંભળી
ડૂંડૂં ડોલ્યું, ઉપર
ચકલી બેઠી.

- રાવજી પટેલ

### પાથેય

- રમેશ ઠક્કર

## એક હતી ચકી

નાનકડી ચકલીનો ફૈડકો જોવો હોય તો ગામડાની એક ઓરડાની નિશાળ કે બપોરી વેળાનું પાદર કે જંપી ગયેલા તળાવની કોઈ પાળ જોયેલી હોવી જોઈએ..આજે તો આ બધાં પ્લેટફોર્મ જ ગાયબ છે..અને એટલે જ ચકલી પણ હવે ગાયબ છે..ચકલીનો ફૈડકો એટલે એની નાનકડી કાયામાંથી પ્રગટતું એનું જોશ..એનું હરખપદુડાપણું ! ચકલી જેવું ઉત્સાહી પક્ષી માણસ જાતે ઉભા કરેલા મોબાઈલ ટાવરો અને આડેધડ બિલ્ડિંગો કે સડકોના ઘટાટોપ વચ્ચે કઇ રીતે ટકી શકે ? આપણે વરસના એકાદ દિવસને 'ચકલી દિવસ' જાહેર કરી એની ગુમનામીનું ગૌરવ કરવાનો મિથ્યા પ્રયાસ કરતા રહીએ છીએ..!

આજકાલ ચકી કે ચકો કવચિત જ મળે છે.આજે સવારે ઝરૂખામાં એક અદ્ભુત દ્રશ્ય જોયું...એક નાનકડી ચકલી કપડાંની દોરી ઉપર મસ્ત અદાથી બેઠી હતી..એકાકી, અટૂલી એવું લાગે નહીં..પાંખો ફરફર અને આનંદમય અવાજ..ઝરૂખો જાણે એના થકી જીવંત બની ગયો હતો...હું ધીમેથી એને નીરખવા સ્હેજ આગળ વધ્યો અને ફરરર...કરતીકને એ ઉડી ગઇ..મને થયું મારાથી થોડી ઉતાવળ થઇ..થોડીવાર અંદર ગયો..ફરી એ જ જગ્યાએ એ આવી.. એ જ અદા..આ વખતે મોબાઈલ સજજ કરી મેં એના તરવરાટને છબીમાં સમેટવાનો પ્રયત્ન કર્યો..પણ ફરીથી એ સડસડાટ કરતી ઉડી ગઇ ખુલ્લા આકાશમાં..હવે કદાચ એ હમણાં તો નહીં જ દેખાય....!એનોઉત્સાહ, તરવરાટ કેમેરામાં ભલે ન ઝીલી શકાયો પણ શબ્દોમાં એને ઝીલતાં મને કોણ રોકી શકે..? કલમને જાણે પાંખો ફૂટી..હું ચકીમય થયો..ઘણા સમય પછી મને કોઇ ચકલીમાં આટલો રસ પડયો..પ્રભાવિત થવાયું...

કામલપુર ગામના પાદરે લીમડાઓની ઘટાટોપ છાંયમાં એકસાથે અનેક ચકલીઓ જોવાનો અનુપમ નજારો અમારા બાળપણની એક મોંઘી વિરાસત છે..એ ચકલીઓ કદ માં થોડીક મોટી જોવા મળતી. પીઠ ઉપર કથ્થઇ કલરનો આકર્ષક પટ્ટો અને આજુબાજુ સફેદ બોર્ડર..માથે સ્હેજ કલગી જેવું..આજે જોવા મળી એ ચકલી ઘણી નાની હતી..એ સિવાય એનાં રંગરૂપ એવાં જ હતાં..ચકલી જોકે હવે એકલદોકલ જ જોવા મળે છે..એક જમાનામાં સાંજના સમયે હારબંધ જોવા મળતા ચકલીઓના સમૂહ. કલરવ..હવે લુપ્ત થયા છે..ખેડબ્રહ્મામાં હું જયારે મોર્નીંગ વોકમાં જતો ત્યારે વહેલી સવારે વિવિધ પંખીઓની સાથે સંખ્યાબંધ ચકલીઓ પણ જોવા મળતી..જે હવે ધીમેધીમે ગાયબ થઈ ગઇ છે.

ચકલી એક નિર્દોષ પંખી છે. ઉમાશંકર જોશીની એક વાર્તા છે 'ઊડણ ચરકલડી'..ચકલીનું આયુષ્ય સરેરાશ ત્રણ વર્ષનું હોય છે..એક જમાનામાં ચકલાંને ચણ નાખવાનો રિવાજ ઘેરઘેર હતો..હવે ચણ તો અઢળક છે પણ ચકલીઓ નથી..મોબાઈલ ટાવર અને બદલાતો પર્યાવરણીય માહોલ એ માટે જવાબદાર છે..'એક હતો

અનુસંધાન પાના નં. ૭ પર

## ત્યાં સુધી પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસનું ભાવિ ધૂંધળું

ગુજરાતના ગ્રામવિસ્તારોમાં હોળી પછી માતાજીની જાતર લેખે ભવાયા (તરગાળા) રમવા આવતા તે હવે ભૂતકાળની વાત બની ગઈ છે. પરંતુ હાસ્યકલાકારમાંથી રાજકારણી બનેલા અને કોંગ્રેસ તથા અકાલીદળ જેવી પાર્ટીઓ પ્રત્યેનો મોહ ઊતરી જતાં પંજાબના મતદાતાઓ કેજરીવાલના દિલ્હી મોડેલ તરફ સાનુકૂળ પ્રતિસાદ પાઠવતાં પંજાબ જેવા સરહદી રાજયના નવા સુકાની બની ગયેલા ભગવંતસિંહ માન એક પછી એક એવા એલાન કરી રહ્યા છે જે પેલા ભવાઈવેશના 'જુઠ્ઠણ'ની યાદ તાજી કરાવે છે. માની લઈએ કે માન આજ લગી પંજાબના તમામ કર્ણધારો કરતાં વખત પૂરતી વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી દે. કદાચ પ્રજાને એમ પણ લાગે કે નેતા હો તો ઐસા. પરંતુ પંજાબ એ હિંદુસ્તાન નથી. દિલ્હી પ્રદેશ પણ એક અર્ધ રાજય છે, એ ભારતનો પર્યાય નથી. જો એમ જ હોત તો મોટા ઉપાડે વારાણસીમાં ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે કેજરીવાલે મોદીને પડકાર્યા ત્યારે જ એના અણસાર દેખાયા હોત. આમ આદમી પાર્ટી વધુ પડતી આશાવાદી છે અને આંધળૂકિયાં કરી જયાં-ત્યાં ગણતરી વગર કૂદી પડે છે.ગોવામાં કૂદી પડી એથી આખરે ફાયદો તો ભાજપને જ થયો. એ જ રીતે હવે જો ગુજરાતમાં દરેક બેઠક પર ઉમેદવારો મૂકી દેશે તો ભાજપ માટે ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી 'કૅક વૉક' જ બની રહેશે. હિંદુત્વથી લઈ કાશ્મીર સુધીના મુદ્દા વટાવીને સત્તા પર ટકી રહેવામાં સફળ રહેલી

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રીય પાર્ટી સામે ગુજરાતમાં તો જેવી છે તેવી - કોંગ્રેસ જ ટક્કર આપી શકે એમ છે તે હવે તો અભણ મજૂર પર સમજી ગયું છે. ગુજરાતમાં 'આપ' ગોવાનું જ પુનરાવર્તન કરી શકે - એથી વિશેષ કંઈ જ નહીં. રાજકીય પાર્ટીઓ અને એમના નેતાઓએ પોતપોતાની હેસિયત આંકીને આગળ વધવું જોઈએ. મમતા બેનરજી બંગાળમાં સફળ થઈ ગયાં એટલે દેશ આખો એમને સ્વીકારી લેશે એવા ભ્રમમાં નહીં રાચવું જોઈએ. એ જ રીતે તેલંગાણાના લોકનાયકે અન્ય પ્રદેશોમાં પણ આવકાર મળશે એવી ખોટી અને વધુ પડતી આશા નહીં રાખવી જોઈએ. પ્રાદેશિક પાર્ટીનું એક આદર્શ સ્વરુપ 'બીજું જનતા દળ' છે - જેના લોકપ્રિય કર્ણધાર નવીન પટનાયક ઓડિશા બહાર જામી પડવામાં ફાંફાં મારવાને બદલે પોતાનો ગરાસ સાચવી રાખવાનું શાણપણ દાખવી શક્યા છે. ફાંફાં મારનારાં માયાવતી કેવાં નામશેષ થઈ ગયા છે તે સૌએ જોયું છે. સમાજવાદી પાર્ટીને ઉત્તર પ્રદેશમાં શક્ય એટલો વધુમાં વધુ સહકાર આપવાની નીતિ જો કોંગ્રેસ, બસપા અને ઓવૈસી જેવા નેતાઓ દાખવી શક્યા હોત તો યોગીનું પુનરાગમન અટકાવી શકાયું હોત તે સ્પષ્ટ થઈ ચૂક્યું છે. ભાજપ માટે સૌથી મોટો ફાયદો પ્રાદેશિક પક્ષોની કોંગ્રેસ સાથેની અને અંદરોઅંદર પોતે મોટા બની જવાની ઘેલછામાં પડેલો છે. શરદ પવાર જેવા ધુરંધર આ મુદ્દે બરાબર સમજે છે. કોંગ્રેસે જો એની મહત્ત્વાકાંક્ષા પર લગામ લગાવી હોય તો ઘણા પ્રદેશોમાં પ્રાદેશિક પાર્ટીઓ વિકસી શકી હોત. બને છે એવું કે કોંગ્રેસ હજી પુનરાગમનનો મોહ છોડી શકતી નથી અને પ્રાદેશિક પાર્ટીઓ કોંગ્રેસના ભોગે ભાજપને ફાયદો થાય છે તે સમજી શકતી નથી. કોંગ્રેસના જી-૨૩ જૂથ સાથે એક સમયના કોંગ્રેસના 'થિંક ટેંક' ના મોભી મણિશંકર ઐયર અને ગુજરાતના માટે 'ભાગ્યું ભાંગ્યું તોય ભરૂચ' ગણાતા શંકરસિંહ વાઘેલા જોડાયા છે. પરંતુ એથી કોંગ્રેસનો ઉદ્ધાર થઈ જશે એમ માનવું વધારે પડતું છે. સોનિયા ગાંધી અને રાહુલને વખત પૂરતાં નિવૃત્ત કર્યા વગર કોંગ્રેસનો જયવારો નથી. પરંતુ એ પણ સાચું કે કોંગ્રેસમાં એ દમ નથી કે એ પરિવારને ખસેડીને કોઈ સક્ષમ અને સત્ત્વશીલ સિનિયર નેતાને એનું સુકાન સોંપી શકે.

## દિન મહિમા

- વિશ્વ મસ્તક ઈજા જગૃતિ દિવસ - હેડ ઈન્જરી અવેરનેસ તરીકે ઉજવાય છે.
- ૧૯૯૫માં ટોક્યો ભૂગર્ભ રેલ પર સારિન ગેસ હુમલામાં ૨૨ મૃત્યુ અને ૧૩૦૦ લોકો ઘવાયા.
- બોલીવુડ ગાયક કલાકાર અલ્કા યાજ્ઞિકનો જન્મદિવસ.
- વિશ્વ વાર્તા દિવસ
- આંતરરાષ્ટ્રીય જ્યોતિષ વિજ્ઞાન દિવસ

આજનું
## ઔષધ

- સરગવાના મૂળની છાલનો ઉકાળો સીંધવ અને હીંગ સાથે લેવાથી ગુમડું, સોજો અને પથરી મટે છે.

## ખડખડાટ

- ભૂરાને ઈન્ટરવ્યુમાં પૂછ્યું. B.R.T.S.નું પૂરું નામ કહો.
ભૂરો : બાજરાનો રોટલો ટામેટાનું શાક.

આજનો
## વોટ્સએપ

- કમાણીની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી. અનુભવ, સંબંધ, માન, સન્માન અને સારા મિત્રો બધા કમાઈના રૂપમાં છે.

## યાદ કરો, છેલ્લે કોને પોસ્ટકાર્ડ લખ્યું હતું !?

આ વોટ્સએપના યુગમાં આજે પણ પોસ્ટકાર્ડ પાઠવવાની ટેવ યથાવત છે. કોઈનું પુસ્તક મળવાની પહોંચ રૂપે અથવા કંઈ કહેવાનું હોયતો પોસ્ટકાર્ડ લખું છું.પછી કોઈના ઘેર જઈએને એ વ્યક્તિ ઉત્સાહથી આપણું લખેલું ને સાચવેલું પોસ્ટકાર્ડ બતાવે ત્યારે વિસ્મય સાથે અપાર આનંદ થયાનું હૈયે વસી જાય છે.

એકાદ અઠવાડિયા પહેલા એકાંતરે ચાર પોસ્ટકાર્ડ મળ્યા.જેમાં રાજીપો,ઉમળકો અને આનંદની અભિવ્યક્તિ અક્ષરદેહ પામ્યા હતા. આ સિવાય ધોરણ આઠમાં અભ્યાસ કરતાં ગુજરાતભરના વિદ્યાર્થીઓ મારો લખેલો પાઠ-એકમ 'અખંડ ભારતના શિલ્પીā ના અભ્યાસ બાદ કોઈ જીવંત એવાં ઉત્સાહી શિક્ષકોની પ્રેરણાથી વિદ્યાર્થીઓ પોસ્ટકાર્ડ લખતાં હોય ને હું પણ યાદ કરી પ્રત્યુત્તર પાઠવતો રહું છું.

પણ આ પોસ્ટકાર્ડ પાઠવનાર નારાયણ વિદ્યાવિહાર, ભરૂચ શિક્ષણ સંસ્થાનાં વિદ્યાર્થીઓ નહીં ખુદ શિક્ષિકાઓ છે.જેમાં સુજ્ઞશ્રી રંજનબહેન ગોહિલ, સુજ્ઞશ્રી જાગૃતિબહેન પટેલ,સુજ્ઞશ્રી સોનલબહેન પંડ્યા અને અંગ્રેજીભાષી Ataliya Megha. જેનું ખાસ નિમિત હતું, કવિ કલાપીના જીવન-કવન આધારિત પ્રેમ, પ્રથા ને વ્યથા પરનું મારું વ્યાખ્યાન.જેનો પ્રભાવ આ પોસ્ટકાર્ડમાં પારાવાર ઝીલાયો છે. આ સંસ્થા ખરા અર્થમાં કેળવણી આપતી જીવંત સંસ્થા છે.શીખવે તે શિક્ષણ ને કેળવે તે કેળવણી એમ વિદ્યાર્થીઓનું જીવન-ઘડતર થાય તે માટેની અનેકવિધ સહઅભ્યાસિક પ્રવુત્તિઓ ઉત્સાહી આચાર્ય શ્રી મહેશભાઈ ઠાકર યોજતા રહે છે.

કોઈ એક પુસ્તક પર જે તે સાહિત્યકારનું વ્યાખ્યાન ગોઠવે છે. ૨૦૦ પુસ્તકો પ્રસ્તુત થઇ ગયા પછી ૨૦૧માં પુસ્તકમાં કલાપી વિશે મારે વક્તવ્ય આપવાનું બન્યું હતું. જેમાં શ્રોતા તરીકે ગુજરાતના સુપ્રસિદ્ધ લોકકલાકાર ને મૂળતો એક ઉત્તમ શિક્ષકશ્રી અભેસિંહ રાઠોડ સાથે નામધારી અનેક નગરજનોની ઉપસ્થિતિ હતી. જે આ સંસ્થાના ઉત્તમ મૂલ્યમય, સંસ્કારલક્ષી ને ગુણવત્તાસભર કાર્યની જાણે શાહેદી પૂરતા હોય !

આ સંસ્થાએ ગત વરસે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની પણ એક સપ્તાહ ઉજવણી કરી હતી. પણ આવી ઉજવણી,કાર્યક્રમ બાદ શિક્ષકો પોતે પત્રો લખે તે આપણા માટે મહામુલી મૂડી ગણાય. આજે મોબાઈલ માણસ જેવો સ્માર્ટ ને માણસ મોબાઈલ જેવો યંત્રવત થવા લાગ્યો છે ત્યારે અંતરથી ઉમળકો આવવો અને શબ્દ દ્વારા વ્યક્ત કરવો તે સંવેદનાથી સભર એવાં ધબકતાં વ્યક્તિત્વનો આ એક પડઘો છે.




આ સોશિયલ મીડિયાના પ્રભાવ તળે સંદેશા વ્યવહારનું માધ્યમ એવા પત્રની અજાયબ દુનિયા આથમી ગઈ એવું કહી શકાય. ટપાલી ટપાલ લઈને આવે તેની રાહ જોવામાં આવતી. ટપાલમાં સુખ-દુઃખ સમેત અનેક પ્રકારના સંદેશા હોય.ઘણી ટપાલતો વ્યક્તિ છાનાખૂણે વાંચે,પછી જીવરોખી જણસ જેમ સાચ વીને રાખે...સમયોચિત વારંવાર વાંચે. આ સુખતો જેણે મેળવ્યું હોય તેને જ સમજાય.બાકી વ્હોટ્સએપમાં ઉભરાતાં મેસેજ તો કયારેક ઘીમાં બોળેલી રોટલીના બદલે સ્લીપરની સગથળી ચાવતાં હોય એવું લાગે !

એક સમયે પ્રશિક્ષણના તાલીમાર્થીએ મોબાઈલ ન રાખવા દેવા અંગે ફરિયાદ કરેલી ત્યારે વળતા દિવસે જાતે પોસ્ટકાર્ડ ખરીદી, દરેકને આપીને કહ્યું હતુઃ 'જે વ્યક્તિ વધારે યાદ આવતી હોય તેને આ પોસ્ટ કાર્ડ લખો..!'તાલીમાર્થી પોસ્ટકાર્ડ લખતી વખતે ભાવવિભોર થઇ ઘણાં રડ્યાં હતાં અને જયારે પ્રત્યુત્તર આવ્યા ત્યારે પણ આંખો ભીની હતી. જેના નિમિત બન્યાનું સ્મરણ પત્ર જેટલું જ સચવાઈને રહ્યું છે.

મને જયારે એક ઈન્ટરવ્યુંમાં ચબરાક યુવતીએ જે પૂછ્યું તેના જવાબમાં કહ્યું હતું :'મારું સર્જનકાર્ય ખરેખર તો પ્રેમપત્રો લખવાથી સિદ્ધ થયું છે.'પણ વળતો સવાલ કરેતે પહેલા જ કહી દીધું હતુઃ'જેને પ્રેમપત્રો લખતો હતો તે ઘરમાં આવી ગયાં. પછી..શું કરવું ? લખ્યા વગરતો ચાલે એવું નહોતું. ટૂંકીવાર્તાઓ લખતો થયો. વ્યક્તિગત સર્જન હતું તે પછીથી તો વ્યાપક અને સાર્વજનિક થવા લાગ્યું !

વ્હોટ્સએપના મેસેજ સુલભ છે એમ તકલાદી ને તકવાદી પણ છે.આ સંવાદ કે સંદેશા-વ્યવહાર કયારેય પત્રનું સ્થાન ન લઈ શકે.માત્ર એકવાર કોઈ સ્વજનને પત્ર લખી જુઓ..! પછી શું થાય તે જણાવશો તો અહીં ઉલ્લેખ કરવાનું નહીં ચૂકું !

**છેલ્લે :**

**ટ્રેઈન ઉપડી પણ મારી જીભ ન ઉપડી, 'આવજો' કહેવાનું રહી ગયું !**

## હિંદુરાષ્ટ્ર તરફનું એક કદમ : શિક્ષણમાં ભગવતગીતા ?

દુનિયાભરમાં ૫૬થી વધારે મુસ્લિમ રાષ્ટ્રો છે. અનેક કેથલિક રાષ્ટ્રો છે. પરંતુ આજ સુધી દુનિયામાં સો કરોડથી વધુ વસ્તી હિંદુઓની હોવા છતાંય એક પણ હિંદુરાષ્ટ્ર નથી એ હિંદુઓની સહદયતા છે કે મૂર્ખતા એ તો આવનારો સમય જ બતાવશે. જો કે હિંદુ ધર્મ કરતાં એક સંસ્કૃતિ વધારે છે, સભ્યતા વધારે છે, અને છતાંય ધર્મના ચશ્માથી જોઈએ તો એ સનાતન ધર્મ છે. કેમ કે હિંદુત્વમાં સમસ્ત માનવજાતના કલ્યાણની વાત છે. ઉત્થાનની વાત છે. પરંતુ ઘણા રાજનીતિક પક્ષોને આ માનવજાતના કલ્યાણની વાતો નથી ગમતી અને તેઓ એને કોઈ એક ખાસ પાર્ટીની ઓળખ તરીકે પ્રજા સામે પ્રમોટ કરે છે.

હિંદુસ્તાનમાં જ્યારથી મોદી સરકાર બની છે ત્યારથી પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓ. નિર્ણયો અને કાર્યોથી દુનિયાભરના સેક્યુલરોની ઉંઘ હરામ થઈ ગઈ છે. અને હવે ગુજરાતમાં નવી શિક્ષણનીતિ અંતર્ગત ધોરણ છ થી બાર સુધી ભગવતગીતા જ્ઞાન અભ્યાસક્રમમાં આવી રહ્યું છે. સાહજિક છે કે એનો વિરોધ તો થવાનો. કેમ કે આપણા જ દેશમાં અનેક સેક્યુલરો અને ગદ્દારોથી આ ગીતાજ્ઞાન સહન નહીં થાય તેથી એની રાજનીતિના રંગે રંગીને પ્રજાને, અન્ય જાતિ, ધર્મ અને સંપ્રદાયોને ઉશ્કેરશે. એ નક્કી છે.

ઘણા લોકો ભગવતગીતાને બ્રાહ્મણોનો ધાર્મિક ગ્રંથ માને છે. પરંતુ સૌથી પહેલા આપણે એ સમજવું જોઈએ કે ગીતા એ કોઈ ધાર્મિક ગ્રંથ છે જ નહીં એ ભારતીય સંસ્કૃતિનો, સભ્યતાનો ગ્રંથ છે. એમાં હિંદુત્વની કોઈ વાત જ નથી. એમાં સમસ્ત માનવ કલ્યાનની વાતો છે. ક્ષત્રિય કૂળમાં જન્મેલા ભગવાન શ્રી કૃષ્ણએ ધર્મયુદ્ધ મહાભારતના મહાયુદ્ધ વખતે અર્જુનને આપેલા ઉપદેશની વાત છે. જેમાં કૃષ્ણએ સ્પષ્ટ કહ્યું છે કે જે અસત્યને રસ્તે છે, અધર્મને રસ્તે છે તો એને મારવામાં કોઈ પાપ નથી પછી ભલે એ પોતાની જ કોઈ વ્યક્તિ હોય. ગીતામાં જ્ઞાનયોગ છે, ભક્તિયોગ છે, રાજયોગ છે, કર્મયોગ છે. ગીતા એ સનાતન ધર્મનો વિશ્વશ્રેષ્ઠ ગ્રંથ છે. એમાં વૈશ્વિક માનવીય મૂલ્યોની વાત છે. દુનિયાની ૭૫થી વધું ભાષામાં એનો અનુવાદ થયેલો છે. અનેક યુનિવર્સિટીઓમાં તે આજે પણ અભ્યાસક્રમ રૂપે સામેલ છે. આઈન્સ્ટાઈન પણ દુનિયા ઉપર જ્યારે બોમ્બ ફૂટતા હતા ત્યારે ભગવતગીતાના પાઠ કરતો હતો.

ઘણા લોકોને લાગશે કે હિંદુધર્મનું શિક્ષણ ફરજિયાત કેમ ? અથવા બાળકોને કેમ ? પણ ગીતામાં ક્યાંય હિંદુત્વની વાત જ નથી. એના સાત સો શ્લોકોમાં માત્ર કર્મ, ભક્તિ, રાજયોગ અને માનવકલ્યાણની વાતો છે. જીવન હારી ગયેલાઓ માટે મોટીવેશનનો મહાગ્રંથ છે. ગીતા જીવનને નવી ઊર્જા આપે છે. જીવનની તમામ પ્રકારની સમસ્યાઓથી મૂક્તિ અપાવે છે. તો પછી એનું શિક્ષણ બાળકોને કે યુવાનોને કેમ નહીં ? આજસુધી આપણને જે આતંકી મુગલ રાજાઓના ખોટા પરાક્રમોવાળા ઈતિહાસ ભણાવવામાં આવ્યા છે તેનો વિરોધ કેમ નહીં ? અકબર, ઔરંગઝેબ, બાબર, હુમાયું. શાહજહા... આ બધા આક્રાંતાઓ શૂરવીર નહીં પણ આતંકી હતા. લૂંટારાઓ હતા. સૌ એ આપણી સંસ્કૃતિને ધ્વસ્ત કરી હતી. અત્યાર સુધી ૭૫ વર્ષ સુધી આખા દેશને ખોટો ઈતિહાસ લખાવીને ખોટો ઈતિહાસ ભણાવાયો છે ત્યારે ગુજરાતમાં જ્યારે ભગવતગીતા અભ્યાસક્રમ લવાય છે ત્યારે આ નિર્ણયને આવકારવો જોઈએ. કેમ કે એ જ આપણો સાચો સાંસ્કૃતિક વારસો છે. એનું સાચું જ્ઞાન આવનારી પેઢીને હોવું અનિવાર્ય છે. હજી તો રામાયણ – મહાભારત પણ સંક્ષિપ્ત કરીને નવલકથા રૂપે લખીને એને હાઈસ્કૂલ કે કૉલેજ કે યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસમાં સામેલ કરવાની જરૂર છે. તો જ આજની અને આવનારી પેઢીઓને રામ અને રાવણ, કૃષ્ણ અને કંસ કોણ હતા એ ખબર પડશે. ઘણા લોકો દલીલ કરે છે કે સરકારી સ્કૂલોમાં આ ધાર્મિક શિક્ષણ કેમ ? તો પછી આજે પણ હિંદુસ્તાનમાં અનેક મસ્જિદોમાં કુરાનનું શિક્ષણ અને કૉન્વેન્ટ સ્કૂલોમાં, સંસ્થાઓમાં બાઈબલનું શિક્ષણ અપાય છે. અને આ બધું પણ સરકારી ગ્રાન્ટથી જ ચાલે છે. કોઈપણ ધર્મનો કોઈપણ ધર્મગ્રંથ હોય તે ક્યારેય ખોટું શિક્ષણ આપતો નથી. એના અર્થઘટન ખોટા કરીને બાળકોના માનસમાં ઝેર ભરવામાં આવે છે. કુરાન અને બાઈબલ પણ ગીતા જેટલા જ પવિત્ર ગ્રંથો છે. અને તેઓ પણ સરકારી ગ્રાન્ટ લઈને પોતાના મદરેસાઓમાં, કૉન્વેન્ટમાં ધાર્મિક શિક્ષણ આપે છે. એવી રીતે જ હવે ગુજરાતમાં બધી સ્કૂલોમાં ગીતાનું જ્ઞાન અપાય તો આવનારી પેઢી માટે તો એ સારું જ છે ને. અમુક પક્ષો વિચારે છે કે ગુજરાતમાં ચૂંટણી આવે છે એટલે આ ભગવતગીતાનો મુદ્દો શિક્ષણમાં લાવવામાં આવ્યો છે. પણ ''રશિયા'' માં જ્યારે ગીતા ઉપર પ્રતિબંધ મૂકવાની વાત થયેલી ત્યારે આપણા જ દેશના બધા જ પક્ષોના નેતાઓ એક થઈને રશિયાનો વિરોધ કર્યો હતો. તો આજે એ જ ભગવતગીતાનો આટલો બધો વિરોધ કેમ ? અમેરિકાના ન્યૂજર્સી રાજ્યમાં એક કેથલિક યુનિવર્સિટીમાં ભગવતગીતા કમ્પલસરી વિષય તરીકે અભ્યાસક્રમમાં છે ઉપરાંત વિશ્વની બીજી પણ અનેક કોલેજો, યુનિવર્સિટીઓમાં ગીતાનું શિક્ષણ અપાય છે. તો આપણા જ દેશમાં કેમ નહીં. ખરેખર તો યુજીસી દ્વારા હિંદુસ્તાનની બધી જ કૉલેજોમાં ભગવતગીતાનો અભ્યાસ ફરજિયાત બનાવવો જોઈએ. જેથી આજની અને આવનારી યુવાપેઢી ભારતીય સભ્યતા અને સંસ્કૃતિના સંસ્કારો ઝીલી શકે, શ્રી કૃષ્ણની ગીતાવાણી દુનિયાની કોઈપણ ભાષાના મહાન ગ્રંથ કરતા મૂલ્યવાન છે. એમાં ક્યાંય જ્ઞાતિ જાતિ કે ધર્મ સંપ્રદાયની વાત નથી. કર્મની ફિલોસોફી આખી દુનિયાને મોટીવેટ કરે એવી પ્રભાવશાળી છે.




ખરેખર તો આપણા દેશમાં દર બે કે ત્રણ વર્ષે ધર્મસભાઓના આયોજન થવા જોઈએ જેમાં ધર્મ વિશેના વ્યાખ્યાનો, ચર્ચાઓ થવી જોઈએ. દરેક ધર્મની લોકોને સાચી સમજણ આપવી જોઈએ. જેથી ધર્મ રાજનીતિથી પર રહે. પરંતુ આપણે ત્યા આવી ચર્ચાઓ થતી નથી. અને લોકોનું માઈન્ડ સેટ ધર્મ બાબતમાં રાજનીતિને આધારિત કે જ્ઞાતિ-જાતિને અનુલક્ષીને થઈ જાય છે. જેના ક્યારેક દૂષ્પરિણામો પણ ભોગવવા પડે છે. પણ હવે હિંદુસ્તાની પ્રજાએ જાગવું પડશે. ધર્મ અને સંસ્કૃતિનો ભેદ સમજવો પડશે. રાષ્ટ્રધર્મને મહત્વ આપવું પડશે. હિંદુ એ કોઈ જ્ઞાતિ-જાતિ નથી એક સભ્યતા છે. સંસ્કૃતિ છે. જે આખા વિશ્વમાં વ્યાપેલી છે. એના મૂળમાં ભગવતગીતાનું જ્ઞાન છે. વેદોની વાણી છે. ઉપનિષદોનો આધાર છે. અને આ બધું આજની અને આવતીકાલની પેઢીને આપવું જરૂરી છે. જે શિક્ષણ દ્વારા જ આપી શકાશે. હજી તો દેશનો નવો અને સાચો ઈતિહાસ લખીને એને અભ્યાસક્રમોમાં દાખલ કરવાની જરૂર છે. આપણા દેશની અનેક શૌર્યગાથાઓ, અનેક મહાન વ્યક્તિઓ ક્યાંય ખૂણામાં ધકેલાઈ ગયા છે. જેમનો ઈતિહાસ ગુમનામ ગલીમાં ક્યાય લૂપ્ત કરી દેવામાં આવ્યો છે. જેને બહાર લાવીને આપણી આવનારી પેઢીઓને સંસ્કૃતિ અને સભ્યતાથી સભર કરવામાં આવશે હિંદુસ્તાનને આવનારા વર્ષોમાં સુપર પાવર બનવામાં કોઈ રોકી નહીં શકે.

આપણી આજની અને આવનારી પેઢીને આ વૈશ્વિક સંસ્કૃતિભ્રષ્ટ વાતાવરણમાંથી કે મહાડિપ્રેશનમાંથી કે જ્ઞાનશૂન્ય અવસ્થામાંથી કે ઈર્ટિફીશ્યલ ઈન્ટેલિજન્સના પ્રભાવમાંથી એકમાત્ર આપણી પૌરાણિક ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનું જ્ઞાન જ બચાવી શકશે.અને અંતમાં એકમાત્ર ભગવતગીતાના જ્ઞાનથી હિંદુસ્તાન હિંદુરાષ્ટ્ર નથી બની જવાનું. એ માટે તો દેશમાંથી સેક્યુલિઝમ બંધ થવું જોઈએ. આખો દેશ એક થવો જોઈએ. અહી વસતા હિંદુ અને મુસ્લિમોમાં સાચો રાષ્ટ્રધર્મ જન્મવો જોઈએ. અને પછી સરકારને કહવાય તો શક્ય છે આ દેશ પુરાણોંની જેમ ફરીથી હિંદુરાષ્ટ્ર બની શકે.

- 9426060601.india@gmailcom

## ધ કાશ્મીર ફાઇલ્સ : સચ્ચાઈનો કડવો ડોઝ !!!

કદાચ ભારતીય હિન્દી ફિલ્મના ઈતિહાસમાં એવું પહેલી વાર બની રહ્યું છે કે લોકો સ્વયંભૂ કોઈ ફિલ્મની પબ્લિસિટી કરતાં હોય !!! ખાલી પબ્લિસિટી જ નહીં પણ લોકોને આ ફિલ્મ જોવા માટે ફ્રી ટિકિટો પણ આપતા હોય અને ફિલ્મ જોઈને આવેલા લોકો માટે અનેકો પ્રકારના ડિસ્કાઉન્ટ કે ફ્રી વસ્તુઓ આપતા હોય.... કદાચ એવું પણ પહેલીવાર બની રહ્યું છે કે કોઈ જ પબ્લિસિટી વગર અને માત્ર ૫૦૦ સ્ક્રીનમાં ( એ પણ મહામુસીબતે ) રીલીઝ થયેલી કોઈ ફિલ્મ રિલિઝના બે જ દિવસમાં ૨૦૦૦ સ્ક્રીન સુધી બતાવવી પડતી હોય... બોલિવૂડના કોઈ જ મોટા નામ કે કલાકારો વગરની અને કોઈ જ પ્રકારના ગ્લેમર વગરની આ ફિલ્મ આ લખાય છે ત્યાં સુધીમાં ૧૦૦ કરોડના આંકને આંબી ગયેલ છે...કદાચ એવું પણ પહેલીવાર બની રહ્યું છે કે પૂરી ફિલ્મ દરમ્યાન સીનેમાઘરમાં સન્નાટો છવાયેલો રહે છે અને ફિલ્મ પૂરી થયા બાદ ગુસ્સા.. ક્રોધ અને આક્રોશ મિશ્રિત આંસુઓ અને ડૂસકાંઓ.. જી હા આટલી પૂર્વભૂમિકા પછી સમજી જ ગયા હશો કે વાત બહુચર્ચિત અને મસ્ટ વોચ મૂવી ' ધ કાશ્મીર ફાઈલ્સ ' ની થઈ રહી છે.

સિનેમા એક એવું સશક્ત માધ્યમ છે કે તેનો યોગ્ય ઉપયોગ એક મોટી અને વ્યાપક અસર લાવી શકે છે અને ' ધ કાશ્મીર ફાઈલ્સ ' એનું લેટેસ્ટ ઉદાહરણ છે. બધા જાણતા હતા કે ૧૯૯૦ ની આસપાસ કાશ્મીર ખીણમાં લાખો કાશ્મીરી પંડિતો પર મુસ્લિમ આતંકીઓ દ્વારા આઝાદીના નામે ભયાનક જુલ્મો કરવામાં આવેલા.. હજારો પંડિતોની નિર્મમ હત્યાઓ કરવામાં આવેલી.. પંડિત સ્ત્રીઓ પર બળાત્કારો કરવામાં આવેલા અને લાખો સમૃધ્ધ, શિક્ષિત અને સભ્ય પંડિતોને પોતાના માદરેવતન કાશ્મીરમાંથી ધાક-ધમકી અને ખુલ્લેઆમ હત્યાઓથી રાતોરાત પહેરેલે કપડે હાંકી કાઢવામાં આવેલા. પણ આ બધુ મોટાભાગે વાંચેલું હતું હતું અને ૧૯૯૦ પછીની પેઢી માટે તો સાવ અજાણ્યું. કેમકે વિતેલા ૩૨ વર્ષોમાં આની કોઈ ચર્ચા ખુલ્લેઆમ થઈ જ નથી. હા પંડિતો પર મુસ્લિમ આતંકીઓ દ્વારા જુલમ થયેલા એની જાણ દેશની હતી પણ એની ભયાનકતાનો કદાચ નવી તો શું પણ જૂની પેઢીને પણ બહુ ખ્યાલ નહોતો. ' ધ કાશ્મીર ફાઈલ્સ ' આઝાદી ના નામે પાકિસ્તાન પ્રેરિત મુસ્લિમ કટ્ટરપંથીઓ દ્વારા પંડિતો પર અને સાથે સાથે બિન મુસ્લિમો પર ગુજારેલ અમાનુષી જુલમની કથા છે. આ એવા લોકો હતા કે જેમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે સાથે હળીમળીને રહેતા એમના જ મિત્રો - પાડોશીઓ એમને જ બેહાલ / બરબાદ કરી મૂકશે અને એ પણ એવા કે વર્ષો સુધી તેઓએ પોતાના જ દેશમાં બધુ જ હોવા છતાં પણ રેફ્યુજી તરીકે રહેવું પડશે. ફિલ્મમાં એક દ્રશ્ય પણ છે કે જ્યાં એના જ પુત્રની હત્યા કરી રહેલા આતંકીને અનુપમખેર કહે છે કે તુ તો મારી પાસે ભણેલો છે. હિન્દુઓ અને એમાં પણ બહુધા કાશ્મીરી પંડિતો પરના જુલ્મો ઉપર આ પહેલા પણ ' હૈદર ', ' શિકારા ' અને ' રોજા ' જેવી ફિલ્મો બની છે. તો પછી દિગ્દર્શક વિવેક અગ્નિહોત્રીની ' ધ કાશ્મીર ફાઈલ્સ ' આ બધાથી જુદી કઈ રીતે પડે છે અને આટલી લોકપ્રિય કેમ થઈ ? એનું કારણ છે ફિલ્મમાં બતાવેલી ઉઘાડી સચ્ચાઈ. જી હા કોઈ જ પ્રકારની ગોળગોળ વાત કર્યા વગર ટુ ધ પોઈન્ટ જે ક્રૂરતા અને એ સમયના કાશ્મીરની સામાજિક અને રાજકીય હકીકત બતાવી છે તે દર્શકોને સિનેમાઘર સુધી ખેંચી જવામાં કારણરૂપ બની છે એટલું જ નહીં પણ અત્યાર સુધી મીડિયા અને રાજકારણીઓ દ્વારા દબાવી રાખેલી સચ્ચાઈ બહાર લાવી રહી છે.આજે ભારતભરમાં નહીં પણ વિશ્વભરમાં આ ફિલ્મની આટલી બધી ચર્ચા થઈ રહી છે એનું એક કારણ એ પણ છે કે આ ફિલ્મ સચ્ચાઈની ઓલમોસ્ટ નજીક છે. ફિલ્મના પાત્રો, સંવાદો, પરિસ્થિતિઓ અને ખાસ તો ફિલ્માંકન એટલી હદે દર્શકને અપીલ કરે છે કે દર્શક પોતે પોતાની જાતને પરદા પર બનતી ઘટનાઓ સાથે જોડી શકે છે. ફિલ્મ એટલી હદે જોનારને અસર કરે છે કે ખરેખર એ વખતે ભોગ બનનાર પર શું વીતી હશે એની ફિલિંગ થવા લાગે છે.

ડોક્યુમેન્ટરીના વિષયને વિવેકે ફિલ્મમાં બખૂબી ઢાળ્યો છે. ભલે ને ટેક્નિકલી નબળી હોય કે ઓસ્કારકક્ષાની ના હોય પણ દર્શકોને સચોટ અસર કરે છે અને એ જ આ ફિલ્મની સફળતા છે. વર્ષોથી કાશ્મીરમાં રહેતા લોકોને કોઈ જ કારણ વગર માત્ર ને માત્ર ધર્માંધતામાં અને પાકિસ્તાન પ્રેરિત પ્રોક્સી વોરમાં રાજકારણીઓ અને કટ્ટરતાવાદી તત્વોને લીધે જે સહન કરવું પડે છે એનો આટલો તાદશ ચિતાર કદાચ હિન્દી ફિલ્મોમાં તો ક્યાંય જોવા નથી મળ્યો. કાશ્મીરી પંડિતોના પલાયન અને કત્લેઆમનું આટલું બેબાક અને બેખોફ વર્ણન કોઈ ફિલ્મમાં તો ઠીક પણ કોઈ જાહેર પ્લેટફોર્મ પર થયું હોય એવું પણ કદાચ બન્યું નથી. ફિલ્મના મોટાભાગના દ્રશ્યો જોનારને વિચલિત ની સાથે સાથે વિચારતા પણ કરી મૂકે છે. અત્યાર સુધી જેની બહુ ચર્ચા નથી થઈ એવા વિષય પર અચંબિત થઈ જાવ એવા દ્રશ્યો સાથે બનેલી આ ફિલ્મને લીધે આતંકીઓની સાથે સાથે સેક્યુલરો અને રાજકારણીઓનો ખોફનાક ચહેરો પણ ખુલ્લો પડી જાય છે. કોઈ જ વાંક વગર જુલ્મના શિકાર બનેલા પંડિતોને આ હાલત સુધી પહોંચાડનાર પોલિટીશિયનો અને સો કોલ્ડ સેક્યુલરોનો નકાબ ઉતારવામાં આ ફિલ્મ સફળ થાય છે. યુનિવર્સિટીઓમાં આઝાદીના નામે યુવાનોને કેવી રીતે ગુમરાહ કરાય છે, કેટલી ખોટી માહિતીઓ આપીને બ્રેનવોશ કરાય છે એનું સટીક ચિત્રણ પણ છે. વાંમપંથી અને લિબ્રાનડુંઓ ને ફિલ્મમાં ઉઘાડા પડાયા છે. સૌથી અગત્યનું કે અત્યાર સુધી કાશ્મીરમાં પંડિતો અને બીજા હિન્દુઓ પર શું થયું એનું પુસ્તકો અને અમુક ફિલ્મોમાં જે ચિત્રણ હતું એનાથી ક્યાંય વધુ અને ઊંડાણમાં ચિત્રણ આ ફિલ્મમાં છે. ' ફિલ્મ ને ફિલ્મની રીતે જ જોવાય ' ની ગુલબાંગો ફેંકતા લોકોને કહેવું પડે કે આ ફિલ્મ નહીં પણ ઈતિહાસનો એક એવો ડોક્યુમેન્ટ છે જેના માટે ભોગ બનનાર અને ભોગ બનાવનાર બન્ને શરમિંદા છે.




હવે આજે આ ફિલ્મ લોકોમાં આટલી લોકપ્રિય બની રહી છે ત્યારે એના પર વિવાદો પણ વધતાં જાય છે. ભારતીય જનતા પાર્ટીના લોકો આ ફિલ્મનો ભરપૂર પ્રચાર કરી રહ્યા છે, ભારતીય જનતા પાર્ટીની સરકારવાળા ગુજરાત, યુપી, એમપી સહિત પાંચ રાજ્યોમાં ફિલ્મને ટેક્સ ફ્રી કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર લીટરલી આ ફિલ્મનું જોરદાર પ્રમોશન થઈ રહ્યું છે અને સાથે સાથે સોશિયલ મીડિયા પર જ ફિલ્મને પ્રમોટ કરનારા અને એનો વિરોધ કરનારા એમ બે ગ્રુપ પણ બની ગયા છે. રાષ્ટ્રીયતાને અસર કરતી અને લોકોની લાગણીઓને સુન્ન કરી મૂકતી આ સચોટ ફિલ્મને લોકો સ્વયંભૂ વધાવી રહ્યા છે એવામાં કોંગ્રેસે તથ્યો સાથે છેડછાડ થઈ હોવાની ટીકા કરી છે અને ખાલી પંડિતો જ નહીં પણ મુસ્લિમો પણ ભોગ બનેલા એવું રજૂ કરે છે તો આસામના કોંગ્રેસના મુસ્લિમ સાંસદે ધાર્મિક સદભાવ બગડશે એવી આડમાં ફિલ્મ પર પ્રતિબંધની માંગ કરી છે. અત્યાર સુધી જે નરસંહારની વાત કહેવાઈ જ નથી અથવા તો દબાયેલા અવાજમાં ક્યારેક કહેવાઈ છે.. અત્યાર સુધી જે સેક્યુલરો -પોલિટીશિયન- આતંકની ધરી વિષે ખૂલીને નથી કહેવાયું...૩૦ કરતાં વધુ વર્ષોથી કોઈ જ વાંક ગુના વગર પોતાના ઘરબાર છોડીને અને પોતાના વહાલાઓના કમોત ના ગમ ને છાતીમાં ધરબીને પોતાના જ દેશમાં રેફ્યુજી થઈને રહેતા પંડિતોની વાત આ ફિલ્મમાં છે અને આજે લગભગ ત્રણ દાયકા પછી પણ પંડિતોની એક આખી પેઢી પાછા ફરવાની રાહમાં ને રાહમાં વિદાય થઈ ગઈ છે. આ ફિલ્મ અને એની લોકો પર અસરો પછી શરૂ થયેલી ચર્ચાઓ વચ્ચે એક આશા રાખી શકાય કે પંડિતોને ફરીથી પોતાનું વતન, ઘર અને એ ઓળખ મળે કે જેના એ હકદાર છે પણ ૩૭૦ કલમ હટાવ્યા પછી પણ કાશ્મીરમાં હજુ એવું વાતાવરણ નથી બન્યું કે પંડિતો ફરી ત્યાં જઈને વસે. 'ધ કાશ્મીર ફાઈલ્સ' દરેક હિંદુસ્તાનીએ અચૂક જોવા જેવી છે અને એ એટલા માટે કે ઈતિહાસનું આ એવું પાનું છે જેનો અફસોસ દરેક પેઢીએ કરવો રહ્યો. અત્યાર સુધી એકતરફી બનેલી અગાઉની ફિલ્મોથી વિપરીત દબાયેલા સત્યને આટલું બેબાક રજૂ કરવા બદલ ' ધ કાશ્મીર ફાઈલ્સ' ના દિગ્દર્શક વિવેક અગ્નિહોત્રી અને પૂરી ટીમને અભિનંદન અને વડાપ્રધાને કહ્યું એમ આવી ફિલ્મો બનતી રહેવી જ જોઈએ પણ શરત એટલી કે એમાં પણ 'ધ કાશ્મીર ફાઈલ્સ' ની જેમ સચ્ચાઈ હોવી જોઈએ.

akurjt@gmail.com